# મોડાસા વીજ કચેરીની બેદરકારીથી ૧૦ સોસાયટીઓમાં અંધારપટ

## નાલંદા-૧ નજીક ડી.પી.માં ફાયર થતા વીજળી ડૂલ : વિજ અધિકારીઓએ રાત્રે ડીપીની શુભેચ્છા મુલાકાત લઈ પરત : ૫૦૦થી વધુ ઘરોમાં ૧૮ કલાક બાદ વીજપુરવઠો પૂર્વરત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા સહિત મુખ્ય મથક મોડાસા શહેરમાં પ્રી મોન્સુન પ્લાનની કામગીરીના ઓથા હેઠળ ગરમીમાં વીજતંત્ર દ્વારા મેન્ટેનન્સના બહાને વીજકાપ કરી બાનમાં લેવા છતાં વીજતંત્રની કામગીરીની ઘટનાની બેદરકારીનો નમૂનો મોડાસા શહેરની નાલંદા-૧ નજીક રહેલી ડીપીમાં મંગળવારે રાત્રે ૮ વાગ્યાના સુમારે ફોલ્ટ સર્જાતા ધડાકા અને ફાયરની ઘટના બાદ વીજળી ડૂલ થઈ જતા આસપાસની સોસાયટીઓમાં આશરે ૫૦૦થી વધુ મકાનોમાં અંધારપટ છવાયો હતો. ડીપી ફાયરની ઘટનાની જાણ થતા વીજતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે ધસી આવી વીજ પુરવઠો પૂર્વરત કરવાની કામગીરી કરવાને બદલે જાણે શુભેચ્છા મુલાકાતે હોય તેમ જતા રહેતા કાળઝાળ ગરમી અને બફારા વચ્ચે વીજ પુરવઠાના અભાવે આખી રાત્રી જાગતા પસાર કરવી પડી હતી. વીજતંત્ર દ્વારા ૧૮ કલાકથી વધુ સમય બાદ વીજપુરવઠો પુર્વરત કરતા સોસાયટીના રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી નાલંદા-૧ સોસાયટી નજીક રહેલી વીજડીપીમાં મંગળવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે ડીપીમાં કોઈ કારણોસર ફોલ્ટ સર્જાતા ધડાકા બાદ ફાયર થતા નાલંદા-૧ સહિત વ્રજ સોસાયટી, ઋષિકેશ સોસાયટી સહિતની ૧૦ થી વધુ સોસાયટીમાં અંધારપટ છવાયો હતો. વીજ ડીપીમાં ફાયરની ઘટનાની જાણ મોડાસા યુજીવીસીએલ કચેરીમાં કરાતા એન્જીનીયર સહિત વિજકર્મીઓનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને વીજડીપીમાં દેખાવપૂર્તી કામગીરી હાથ ધરી ફોલ્ટ શોધવા હવાતીયા મારતા હોય તેમ ગણતરીના જ



સમયમાં વીજ અધિકારી અને કર્મીઓનો કાફલો ૫૦૦થી વધુ મકાનોના રહીશોને ભગવાનના ભરોષે છોડી જતાં રહેતા ૧૦ થી વધુ સોસાયટીઓના રહીશોએ આખી રાત અંધારામાં વીતાવવી પડી હતી. મોડાસા શહેરમાં ૪૪ ડીગ્રી તાપમાનમાં વીજ પુરવઠા વિભાગની બેદરકારીના પગલે ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. મોડાસા વીજ કચેરીમાં ફરજ બજાવતા જવાબદાર અધિકારીઓ અને વીજતંત્રની કચેરીમાં જાગૃત નાગરીકોએ ફોન કરી વીજપુરવઠો ક્યારે પૂર્વરત થશે તે અંગે જવાબ માંગતા એકપણ કર્મચારી દ્વારા સંતોષકારક જવાબ આપવામાં ન આવતા પ્રજાજનોમાં રોષ ફેલાયો હતો. અગાઉ સર્જાતા વીજ ડીપી ફોલ્ટ વીજતંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા પ્રજાજનોને તકલીફ ન પડે તે માટે યુદ્ધના ધોરણે કામકાજની તજવીજ હાથ ધરી વીજ પુરવઠો પુર્વરત કરતા હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી વિજ અધિકારીઓ અને કર્મચારીઓ જાડી ચામડીના બની ગયા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. અસહ્ય ગરમીમાં હૃદયરોગ અને બ્લડ પ્લેશરની બીમારીથી પીડાતા દર્દીઓ અને વૃદ્ધો નિઃસહાય બની ગયા હતા.

તાજેતરમાં જિલ્લા કલેક્ટર દ્વારા પ્રીમોન્સનની પ્લાનીંગની તૈયારીઓની બેઠક તાકીદે બોલાવવામાં આવી હતી ત્યારે સબ સલામતના દાવાઓ કરવામાં આવ્યા હતા પરંતુ વરસાદના ફોરા પડે તે પહેલા પ્રી મોન્સુનની કામગીરી બાદ પણ મોડાસા શહેરમાં વીજતંત્રની લાપરવાહી આંખે ઉડીને વળગી હતી. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા વીજતંત્રના જવાબદાર અધિકારીઓ પાસે પ્રી. મોન્સુન પ્લાનની મકામગીરી અંગે જવાબ માંગવામાં આવે અને બેદરકાર અધિકારીઓ સામે યોગ્ય પગલા ભરવાની માંગ પ્રજાજનો કરી રહ્યા છે.

# દિયોદરી બાણમાતાજીનો દસમો પાટોત્સવ રંગેચંગે પૂર્ણ

દિયોદર, તા. ૧૦

ભવ્ય રાસ-ગરબા અને શોભાયાત્રા સાથે અગિયાર કુંડી યજ્ઞ સાથે દિયોદર ખાતે બિરાજમાન શ્રી બાણેશ્વરી માતાજીના દસમાંપાટોત્સવનું આયોજન કરવામાં આવ્યુંહતું. રબારી



સમાજના નોગોહ, લૂણી, લળતુકા, કાછેલા પરિવારના કુળદેવી આઈશ્રી દેવલ-બોણ માતાજીના દસમા પાટોત્સવનું ભવ્ય આયોજન તા. ૧૦-૫-૧૭ના રોજ કરવામાં આવ્યુ હતુ. જેમાં તા. ૯-૫-૧૭ના રોજ રાત્રે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં ગુજરાતના લોકગાયક વિજયભાઈ (સુંવાળા) અને ખૂશ્બૂ (આરસોડિયા)ના સ્વર સાથે માઈભક્તો ગરબાના તાલે ઝૂમ્યા હતા. તા. ૧૦-૫-૧૭ના રોજ પાવન પ્રસંગના દ્વિતીય નિમિત્તે સવારે માતાજીની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. જે દિયોદરના રાજમાર્ગો પર ફરી હતી. ત્યારબાદ ૯ કલાકે ૧૧ કુંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

# ઊંઝામાં ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા

ઊંઝા,તા. ૧૦

ઊંઝા શહેરમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરંપરાગત રીતે કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. આજે વૈશાખ સુદ પૂનમના રોજ સવારે ૮.૩૦ કલાકે દબદબાપૂર્વક ભારે હર્ષોલ્લાસ અને માના ગુણગાન સાથે નીજ મંદિરેથી ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ઘણી મોટી સંખ્યામાં માઈભક્તોએ જોડાઈને મા ઉમિયાના જયઘોષ થકી સમગ્ર વાતાવરણને ગુંજવી દીધુ હતુ.

સવારે માતાજીના નીજ મંદિરેથી ચાંદીના રથમાં મા ઉમીયાની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો જોડાતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. માતાજીના નીજ મંદિરેથી નિકળેલ આ યાત્રા શહેરના વિવિધ માર્ગો તરફ પ્રયાણ કરી લાલ દરવાજા, વડેચીમાતા, બહારમાઢ, ખજુરીપોળ, ચબુતરા, કોટકુવા,





છીપાવાડ, સ્વામીનારાયણ મંદિર, વાડીપરૂ, રામબાગ, બાળોજમાતા, ગંજબજાર થઈને ગાંધીચોક, સટ્ટાહોલ, આઝાદચોક, ડબગરની પીંપળ, ખારાકુવા થઈ માતાજીના નીજ મંદિરે પરત પહોંચી હતી.

આ નગરયાત્રામાં શ્રી માતાજીના રથની સાથે હાથી-ઘોડા, બગીઓ, સ્કૂટર અને મોટરસાયકલ સવારો, મોટરકારો, ટેબ્લો, બેન્ડવાજા, ધ્વજપતાકા, મૂન વોકર વિવિધ નૃત્યો વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.જેમાં બગી, ટ્રેક્ટર અને જીપ, ઘોડાઓને સોળેકળાએ સજાવવામાં આવ્યા હતા. રામ, લક્ષ્મણ, હનુમાનનો વેશ ધારણ કરી બાળકોએ સતયુગના દર્શન કરાવ્યા હતા. આ નગરયાત્રામાં શહેરીજનો તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. નગરયાત્રામાં શહેરના યુવક મંડળો, ભક્તમંડળો, મહિલા ભક્ત મંડળો જોડાયા હતા. નગરયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકભક્તજનો જોડાવવાથી રાજમાર્ગો પર લાંબી કતારો જામી હતી.

આ યાત્રા ગંજબજારમાંથી નીજ મંદિરે પરત ફરી હતી ત્યારે શહેરનો મુખ્ય માર્ગ ઉપર શ્રધ્ધાળુઓએ બોલ મારી ઉમિયા જય જય ઉમિયાનો જયઘોષ સતત જારી રાખ્યો હતો. ત્યારે બે ઘડી ભક્તિનો માહોલ સર્જાયો હતો. અસહ્ય ગરમી હોવા છતાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. સેવાભાવી સંસ્થાઓ દ્વારા શરબત, ઠંડા પાણીના પાઉચની સુવિધા પુરી પાડવામાં આવી હતી. આ નગરયાત્રા નિમિત્તે માતાજીના પાવન દિવસે દરેક નગરજનોએ ઘરે ઘરે ઉજાણી મનાવી અને ઘરના દ્વારે આસોપાલવના તોરણ બાંધી સમગ્ર ઉત્સવને ઉત્સાહથી દિપાવ્યો હતો. નગરયાત્રાને પગલે શહેરના મુખ્ય માર્ગોને ધજાપતાકાઓથી શણગારવામાં આવ્યા હતા.

# ભિલોડાના મુનાઈની વાવમાં બિરાજમાન બ્રહ્માણી માતાના દર્શને ભક્તોની ભીડ

ભિલોડા,તા.૧૦

ભિલોડા તાલુકાના મુનાઈ ગામમાં ૧૨૦૦ વર્ષ પૌરાણિક વાવમાં બિરાજમાન સ્વયંભુ બ્રહ્માણી માતાજીના મંદીરમાં ભાવિક ભક્તો



દુર-દુરથી મનોકામના પુર્ણ કરવા આવે છે. અરવલ્લીની ગીરીકંદરાઓની વચ્ચે આવેલ મુનાઈ ગામમાં અંદાજીત ૧૦૦૦ વર્ષ પહેલાં રહેતા મુન્ના વણઝારા નામના ભક્તને સ્વપ્ન આવ્યું હતુ કે ગામની મધ્યમાં આવેલ જમીનની નીચે બ્રહ્માણી માતાજીની મુર્તી છે ત્યારે એ મુર્તી જે સ્થાન પરથી મળી આવી તે સ્થાન ઉપર જ મુર્તી સ્થાપીત કરવી એવા સ્વપ્નના આધારે મુન્ના વણઝારાએ વાવ માટે ખોદકામ કર્યું હતું. ખોદકામ કરતાં કરતાં અમુક ઉંડાઈએ માં બ્રહ્માણી અને શીતળા માંની મુર્તી મળી આવી હતી. મુર્તીને પૌરાણિક વાવમાં સ્થાપીત કરી સમગ્ર વાતની જાણ ગામમાં અને આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં જાણ કરાતાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી. દિન-પ્રતિ-દિન વાવમાં સ્થાપીત બ્રહ્માણી માતાજીનો મહિમા વધતો ગયો હતો.અહીં પુરાતન સમયની માન્યતા રહી છે કે ગામની હદમાંથી કોઈ પણ ગર્ભવતી મહિલા ભુલથી પણ પસાર થાય તો તેને તે સ્થાનની બાધા લાગી જાય છે અને તે મહિલાને સંતાન પ્રાપ્તી થાય ત્યારે મહિલા બાધા આખડી પુર્ણ કરવા સ્થાન પર આવે છે. ૫ કિલો શુધ્ધ ઘી નો પ્રસાદ ચઢાવી તે બાધામાંથી ઋણ મુક્ત બને છે.જો બાધા લાગેલી હોય અને કોઈ મહિલા બાધા કરવાનું ભુલી જાય તો કોઈ પણ રીતે માતાજી સંકેત આપે છે તેવી પણ એક લોક વાયકા છે.મુનાઈ બ્રહ્માણી માતાજીને ધરાવેલો પ્રસાદ મંદીર પરીસર બહાર લઈ જવાતો નથી જો ભુલથી કોઈ લઈ જાય તો તેને કોઈને કોઈ રીતે નુકશાન થાય છે.

મુનાઈ ગામના અગ્રણી જશુભાઈ પટેલ અને ગ્રામજનોના જણાવ્યા મુજબ ગામમાં દરેક સમાજની વસ્તી છે. અહીં કોઈ પણ જાતના ભેદભાવ વગર લોકો દર્શન અને મહાપ્રસાદનો લાભ મેળવે છે. ગર્ભવતી સ્ત્રીને સંતાન પ્રાપ્તી બાદ આ સ્થાન પર બાધા પુરી કરવા આવે છે. જો પુત્ર જન્મ હોય તો ૫ કિલો શુધ્ધ ઘી અને પુત્રી જન્મ હોય તો ૩ કિલો શુધ્ધ ઘીની સુખડીનો પ્રસાદ માંને ધરાવાય છે.પુજારી ધ્વારા ઘી અને કંકુનું પુજન કરાવી વાવના પગથીયા પર પુરૂષો ઘીથી અને મહિલાઓ કંકુથી ચાંલ્લા કરી માનતા પુર્ણ કરે છે.



ભિલોડા-ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર રામનગર-ખેરોજ પાટીયા પાસે કાર ચાલકએ સ્ટેરીંગ ઉપરનો કાબુ એકા-એક ગુમાવી દેતાં હુન્ડાઈ વર્ના કાર નંબર. જી.જે.૧. કે.આર. ૫૦૫૮ પલટી ખાતા રાજેન્દ્રનગર ગામના ધવલ નરેશભાઈ પટેલ, આશરે ઉંમર. વર્ષ-૨૬, અભી સુરેશભાઈ પટેલ, આશરે ઉંમર. વર્ષ-૧૦ મામા-ભાણીયાનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો. પરંતુ હુન્ડાઈ વર્ના કારના કુરચે-કુરચા ઉડી ગયા ત્યારે ઘટના સ્થળે સગાં-સબંધીઓ અને લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા. હુન્ડાઈ વર્ના કાર ચાલક ભરબપોરે ૧ વાગ્યાના અરસામાં ભિલોડાથી રાજેન્દ્રનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે એકા-એક કાર પલટી ખાતા મામા-ભાણીયાનું સદનસીબે બચાવ થયો હતો.

# મોડાસામાં પાટીદાર સમાજવાડી સામે હિટ એન્ડ રનની ઘટના

## કારચાલકે સ્ટીયરીંગ પર કાબુ ગુમાવતા શ્રમજીવીના મકાનમાં ઘુસી : એક મહિલા ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં કેટલાક સુખી ઘરના નબીરાઓ બેફામ બાઈક અને કાર હંકારતા છાશવારે અકસ્માતની ઘટનાઓ સર્જાય છે. બેફામ કાર અને ડ્રાઈવીંગના પગલે શહેરીજનો પણ અસલામતી અનુભવી રહ્યા છે. મંગળવારે મોડાસા શહેર બાયપાસ રોડ પર આવેલી લેઉઆ પાટીદાર સમાજવાડી નજીક સાંજના સુમારે બેફામ ગતિએ પસાર થતી કારના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા રોડની બાજુમાં રહેલા શ્રમજીવીના મકાનમાં ઘુસી દિવાલમાં બાકોરૂ પાડી દીધુ હતુ. સદનસીબે મકાનમાં શ્રમજીવી પરિવારના સભ્યો હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘર નજીકથી પસાર થતી મહિલા કારની અડફેટે ચડતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા દવાખાને સારવાર અર્થે ખસેડાઈહતી. ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ધસી આવ્યા હતા. કારચાલક યુવાન અને તેનો મિત્ર કાર ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયા હતા.

મોડાસા મેઘરજ-માલપુર રોડ પર આવેલી લેઉઆ પાટીદાર સમાજવાડીની સામે મંગળવારે સાંજના સુમારે હીટ એન્ડ રનની ઘટના બનતા કારની અડફેટે એક મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. કારચાલકે પૂરઝડપે બેફામ ગતિએ બાયપાસ રોડ પર કાર હંકારતા અચાનક કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા રોડ પરથી પૂરઝડપે ગાડી રોડ નજીક રહેલા એક શ્રમજીવી પરિવારના ઘર સાથે ધડાકાભેર અથડાઈ અટકી ગઈ હતી. કારે ઘર નજીકથી પસાર થતી મહિલાને અડફેટે લેતા આશાબેન રાઠોડ નામની મહિલાને તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાઈ હતી. મકાન માલિક કાળુભાઈના જણાવ્યા અનુસાર કારની ઝડપ વધુ હોવાથી તેમના મકાનની દિવાલો ધરાશાયી થતા મકાનને ભારે નુકશાન થયુ હતુ. સદનસીબે પરિવારના સભ્યો ઘરે હાજર ન હોવાથી તેમના માથેથી ઘાત ટળી હતી. કાર રોડ સાઈડ મકાનમાં બેકાબૂ બની ગયાની ઘટનાની જાણ લોકોને થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બાયપાસ માર્ગ પરથી પસાર થતા



વાહન ચાલકો પણ ઘરમાં ઘૂસેલી ગાડીને જોવા ઉભા રહી ગયા હતા.

અકસ્માતના સ્થળે હાજર પ્રજાજનોના જણાવ્યા મુજબ કેટલાક સુખી ઘરના નબીરાઓ અને દારૂ પીને છાકટા બનેલા કેટલાક નબીરાઓ બાયપાસ રોડ, તદ્ઉપરાંત મોડાસા શહેરના માર્ગો પર બેફામ ગતિએ શહેરીજનોના જીવના જોખમે ગાડીઓ હંકારતા આવા બેફામ ગાડી ચાલકો કે પછી બાઈકર્સ સામે મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરી શખત કાર્યવાહિ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# પ્રાંતિજના સોનાસણ ખાતે આયુર્વેદિક દવાખાનાનું ખાત મુહૂર્ત કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સોનાસણ ખાતે



આયુર્વેદિક દવાખાનાનું ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સોનાસણ ગામે વીસ લાખના ખર્ચે અદ્યતન સુવિધાઓવાળુ નવીન મંજુર થયેલ આયુર્વેદિક દવાખાનાનું ખાત મુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં કોંગ્રેસના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે ખાત મુહૂર્ત થયું હતું જેમાં તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ દક્ષાબેન, મહિલા સરપંચ કામીનીબેન, જીલ્લા પંચાયત શિક્ષણ વિભાગના ચેરમેન મણીભાઈ પટેલ, સુરેશભાઈ, બેચરસિંહ રાઠોડ, બીપીનભાઈ પટેલ, દૂધ મંડળીના ચેરમેન સભ્યો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# તલોદના બજારમાંથી વેપારીનું પોકેટ લઈ ઉઠાવગીર ફરાર

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ બજારમાંથી આજે દિનદહાડે કોઈક કિમીયાગર ઉઠાવગીર ઈસમો એક વેપારીનું આખુ પર્સ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો. જે પર્સમાં અંદાજીત રૂ. ૩૦ હજાર રોકડા અને કેટલાક કિંમતી દસ્તાવેજ પણ રાખેલ હતા. કોણ, ક્યારે અને કેવી રીતે આ હજારોની રકમ ભરેલુ પર્સ ઉઠાવી ગયુ તે અંગેની જાણકારી ઘરાકીના ધસારાને કારણે વેપારીને તત્કાળ થવા પામી ન હતી. બાદ કલાકે જાણ થતાં પોલીસનો સંપર્ક કર્યો હતો અને મદદની રાવ નાખી હતી. જો કે બનાવના પાંચેક કલાક સુધી તો કોઈ પરિણામલક્ષી તપાસ થવા પામી ન હતી.

તલોદ બજારના ટાવર વિસ્તારમાં માધવ જનરલ સ્ટોર્સ અને પાર્લર નામની દુકાન ધરાવતા વેપારી મિનેષ મનુભાઈ વ્યાસ આજે મંગળવારે સવારે ૧૦ વાગ્યાના સુમારે પોતાના વ્યવસાયના સ્થળ એવા પાર્લર ખાતે આવ્યા હતા. તેઓએ નિત્યક્રમ મુજબ ઘરેથી સાથે લઈ આવેલુ કેશનુ પર્સ દુકાનમાં ફ્રિઝ ઉપર મુકીને અન્ય કામગીરી આરંભી હતી. બાદ દિવાબત્તી કરીને પર્સ લઈ ખાનામાં મુકવા નજર કરી ત્યારે ખબર પડી કે ફ્રિઝ ઉપરથી પર્સ ગુમ થઈ ગયુ હતુ. આમ જાણતાં જ મિનેષભાઈએ પર્સની શોધખોળ હાથ ધરી હતી પણ તેઓ તેમાં નિષ્ફળ રહ્યા હતા. જ્યારે હજારોની મતા ભરેલુ પર્સ ઉઠાવી લઈ જવામાં આવેલ ચાલબાજો સફળ રહ્યા હતા. જે પર્સમાં મિનેષભાઈના રૂ. ૨૦ હજાર તથા તેમની દિકરીના રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૩૦ હજાર રોકડા તેમજ તેમની ઈકો ગાડીની આરસી બુક, ચૂંટણી કાર્ડ અને અન્ય કેટલાક દસ્તાવેજ હતા. સવારે લગ્નસરાની તલોદ બજારમાં ઠલવાતી ભીડભાડમાં ઘટેલ આ ઘટના દરમ્યાનના સમયગાળામાં મિનેષ વ્યાસના પાર્લર પર કેટલાક ગ્રાહકો આવી ચુક્યા હતા. જે પૈકીના એક ઈસમે વેપારીભાઈને કહેલ કે 'તમારૂ ચંપલ કૂતરૂ ખેંચીને લઈ ગયુ.' જે અન્વયે વેપારી મિનેષભાઈ ગલ્લા પાછળ ચંપલ શોધવા ગયા હતા અને ત્યાંથી ચંપલ મળ્યુ પણ હતુ. ત્યારે આ રીતે તેમને ગેરમાર્ગે દોરીને આમ કોઈક ઈસમ પર્સ ઉઠાવી ગયો હોવાની આશંકાઓ સેવાઈ રહી છે.

# ઊંઝા-દ્વારકાની સીધી બસના અભાવે યાત્રિકોને ભારે હાલાકી

ઊંઝા, તા. ૧૦

વેપારી મથક અને યાત્રાસ્થળ એવા ઊંઝા ખાતેથી સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સ્થળ દ્વારકને જોડતી સીધી કોઈ જ બસ સર્વિસ ન હોઈ દ્વારકા જનાર યાત્રિકો અને મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

ઊંઝા શહેર એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનથી સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ દેવભૂમિ દ્વારકા જવા માટે સીધી કોઈ જ એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ નથી. ઊંઝા તાલુકામાંથી ઘણા યાત્રાળુઓ સૌરાષ્ટ્રના યાત્રાસ્થળ દ્વારકા ખાતે દર્શનાર્થે જતા આવતા હોય છે.

વધુમાં જામનગર જિલ્લાના સલાયા, ઓખા, મીઠાપુર તરફથી ઘણા યાત્રાળુઓ ઊંઝા નજીકના ઉનાવા ગામે આવેલ મીરાંદાતારની દરગાહે દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આ યાત્રાળુઓને પણ ઉનાવા આવવા માટે સીધી કોઈ જ એસ.ટી. બસ મળતી નથી. આમ ઊંઝાથી સૌરાષ્ટ્રના દ્વારકા, ઓખા જવા માટે વર્ષોથી કોઈ જ સીધી એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોઈ મુસાફરોને તૂટક તૂટક રીતે મુસાફરી કરવાની ફરજ પડે છે.